# નાગજીની શોધ અને સંજયભાઈની મોજ!


**ગુજરાતી રંગભૂમિના બાદશાહ સંજય ગોરાડિયા હવે ડિજિટલ પ્લેટફોર્મ 'JOJO' પર પોતાની નવી વેબ સિરીઝ 'ક્યાં છે નાગજી? ગોતી લો!' સાથે ધૂમ મચાવી રહ્યા છે. ગામડાનું બેકગ્રાઉન્ડ, જમીનના લોચા અને એક માણસનું અચાનક ગાયબ થવું આ બધું જ સંજયભાઈના કોમેડી તડકા સાથે પીરસાયું છે. ચાલો જાણીએ આ સિરીઝ વિશે તેમની સાથેની એક ખાસ મુલાકાત...**

**આ 'નાગજી' કોણ છે અને આખું ગામ તેને કેમ ગોતી રહ્યું છે?**

(હસીને) અરે ભાઈ, નાગજી એટલે એવો માણસ જે ગાયબ થાય તો આખું ગામ 'સીઆઈડી' બની જાય! આ સિરીઝમાં રહસ્ય છે, ડ્રામા છે અને સૌથી ઉપર 'ગુજરાતીપણું' છે. નાગજી ગાયબ થયો છે કે એને ગાયબ કરવામાં આવ્યો છે, એ જ તો આખી રમત છે. અને જ્યારે ગામડાના લોકો તપાસ કરવા નીકળે ને, ત્યારે પોલીસ પણ રજા પર ઉતરી જાય એવી કોમેડી થાય!

**આ સિરીઝમાં તમારું પાત્ર કેવું છે? શું આ પાત્ર તમારા અગાઉના પાત્રો જેવું જ છે?**

ના, આ વખતે હું થોડો અલગ અંદાજમાં છું. ગામડાનું વાતાવરણ છે એટલે મારી બોલી અને લહેકો પણ બદલાયો છે. સામાન્ય રીતે હું શહેરી મધ્યમ વર્ગના પ્રોબ્લેમ્સ બતાવતો હોઉં છું, પણ અહીં 'જમીન' અને 'વારસા'ની વાતો છે. મારું પાત્ર એવું છે જે રહસ્ય ઉકેલવામાં મદદ કરે છે કે પછી પોતે જ એક રહસ્ય છે, એ જોવા માટે તમારે સિરીઝ જોવી પડશે!




**'ગોટી સોડા' જેવી હિટ સીરીઝ પછી 'નાગજી ગોતી લો' માં નવું શું છે?**

'ગોટી સોડા' એક ફેમિલી સિટકોમ હતી, જ્યારે આ એક મિસ્ટ્રી-કોમેડી છે. પ્રેક્ષકોને હવે માત્ર હસવું નથી, એમને મગજ પણ કસવું છે. આ સિરીઝમાં સસ્પેન્સ એવું છે કે તમને એમ થશે કે હવે શું થશે? અને એ સસ્પેન્સની વચ્ચે જ્યારે અમારો દેશી જોક આવે, ત્યારે જે મજા પડે એ અદભૂત છે. દીપ વૈદ્ય જેવા કલાકારો સાથે કામ કરવાની મજા જ કંઈક અલગ છે.

**આ વેબ સિરીઝનું શૂટિંગ ક્યાં થયું છે? ગામડાના અનુભવો કેવા રહ્યા?**

શૂટિંગ સાચા ગામડામાં જ થયું છે. શહેરમાં રહીને આપણે એસીના પંખા નીચે બેસીએ છીએ, પણ ગામડાની ધૂળ અને ખેતરની લિજ્જત જ કંઈક ઓર છે. શૂટિંગ દરમિયાન અમે અસલી બાજરીના રોટલા અને ઓળો ખાધો છે, એટલે જ પરફોર્મન્સમાં એ 'ઓર્ગેનિક' ટચ દેખાય છે.

**સૌથી પહેલા તો એ જણાવો કે આટલા વર્ષોથી તમે સ્ટેજ પર લોકોને હસાવો છો, ક્યારેય થાક નથી લાગતો?**

(પોતાની ખાસ સ્ટાઈલમાં હસીને) અરે ભાઈ, થાક તો એને લાગે જે 'કામ' કરતો હોય! હું તો સ્ટેજ પર જઈને જલસા કરું છું અને રહી વાત હસાવવાની, તો ગુજરાતીઓને હસાવવા એ દુનિયાનું સૌથી અઘરું કામ છે. તમે ગમે તેટલો જોક મારો, ગુજરાતી સામે બેસીને વિચારશે આમાં હસવા જેવું શું હતું? આના કરતાં તો ઓલો રિક્ષાવાળો વધારે સારી કોમેડી કરે છે! એટલે મારે તો દર વખતે નવી પરીક્ષા આપવાની હોય છે.

**તમારાં મોટાભાગનાં નાટકોમાં તમે મધ્યમ વર્ગના માણસની વેદના અને સંઘર્ષને હસીને રજૂ કરો છો. આ પાછળનું રહસ્ય શું?**

જુઓ, મધ્યમ વર્ગનો માણસ એટલે 'સેન્ડવિચ'. ઉપરથી મોંઘવારીનો પડ પડ્યો હોય અને નીચેથી પત્નીની અપેક્ષાઓ! એ બિચારો પીસાય જ રાખે, પણ મજાની વાત એ છે કે એ પીસાતા-પીસાતા પણ રવિવારે ફરસાણની દુકાને લાઈનમાં ઊભો હોય છે. મેં જીવનમાં જોયું છે કે દુઃખમાં જો તમે રડવા બેસો તો લોકો રૂમાલ આપવા પણ નહીં આવે, પણ જો તમે તમારા દુઃખ પર હસો, તો આખી દુનિયા તમારી સાથે જોડાશે. મારા નાટકોમાં હું બસ એ જ 'કોમન મેન'ને અરીસો બતાવું છું.

**તમે 'બા'ના પાત્રો કે 'વડીલ'ના પાત્રો બહુ સરસ ભજવો છો. પર્સનલ લાઈફમાં તમે કેવા વડીલ છો?**

(હસીને) હું ઘરે તો 'પ્રોડ્યુસર' જ છું એટલે કે પૈસા આપવાના અને ચૂપ રહેવાનું!

ખરેખર કહું તો, હું બહુ જ સાદો માણસ છું. સ્ટેજ ઉતરી જાય પછી હું સંજય ગોરાડિયા છું, જે પોતાની પત્નીના વેલણથી ડરે છે અને છોકરાઓના કરિયરની ચિંતા કરે છે. સ્ટેજ પર હું મહારાજા હોઈ શકું, પણ ઘરે તો હું 'વેઈટિંગ લિસ્ટ'વાળો પેસેન્જર જ છું.

**સંજયભાઈ, એક વાત પૂછવી છે... તમે ડાયેટિંગમાં માનો છો?**

ડાયેટિંગ? એ વળી કઈ ચકલીનું નામ છે? ભાઈ, હું શુદ્ધ ગુજરાતી છું. મારું લોહી ટેસ્ટ કરો તો અંદરથી હિમોગ્લોબિન ઓછું અને શ્રીખંડ-પૂરી વધારે નીકળશે. મારો ડાયેટ પ્લાન બહુ સિમ્પલ છેઃ સામે જે આવે એ ખાઈ લેવું અને પચાવવા માટે બીજું થોડું વધારે ખાવું! ફિટનેસ માટે હું સ્ટેજ પર દોડાદોડી કરું છું ને, એ જ મારી જિમ છે. બાકી તો ભગવાનની દયા અને ઘી-તેલની માયા!

**સ્ટેજ પર ક્યારેય એવું બન્યું છે કે તમે ડાયલોગ ભૂલી ગયા હોવ?**

અરે, ઘણીવાર! પણ મારી ખાસિયત એ છે કે હું ભૂલી જાઉં ત્યારે સામેવાળા એક્ટરને એવો લુક આપું કે જાણે એ જ ડાયલોગ ભૂલ્યો હોય! એકવાર તો નાટકમાં મારે ગંભીર સીન કરવાનો હતો, પણ મને જોરદાર છીંક આવી. મેં તરત જ પાત્ર બદલીને કીધું, જોયું? આ તારી વાતો સાંભળીને કુદરત પણ મને એલર્જી થઈ ગઈ છે! પ્રેક્ષકો તો તાળીઓ પાડવા માંડ્યા, એમને લાગ્યું કે આ તો સ્ક્રિપ્ટનો ભાગ છે.

**અત્યારે ડિજિટલ યુગ છે, લોકો વેબ સિરીઝ જુએ છે. નાટકનું ભવિષ્ય શું લાગે છે?**

જો ભાઈ, ઓટીટી અને સિનેમા એ 'પેકેજ્ડ ફૂડ' જેવું છે, જ્યારે નાટક એ 'ચૂલા પરની ગરમાગરમ રોટલી' છે. લાઈવ પરફોર્મન્સનો જે નશો છે, એ ક્યાંય નથી. જ્યારે હોલમાં બેઠેલા 800 લોકો એકસાથે હસે છે, ત્યારે જે વાઈબ્રેશન આવે છે ને, એ કોઈ 4K સ્ક્રીન પર નથી મળતું. જ્યાં સુધી ગુજરાતી જીવે છે, ત્યાં સુધી નાટક જીવતું રહેશે. કારણ કે આપણે ગુજરાતીઓ 'સામસામે' બેસીને પંચાત કરવાવાળા લોકો છીએ!

**તમારી સકસેસનું કોઈ સિક્રેટ?**

સફળતાનું કોઈ સિક્રેટ નથી હોતું, માત્ર 'સેન્સ ઓફ હ્યુમર' હોય છે. જીવનમાં ગમે તેવી આફત આવે, જો તમે એમાં જોક શોધી શકો, તો તમે જીતી ગયા. મેં ક્યારેય કામને બોજ નથી માન્યો અને હા, બીજું સિક્રેટ એ કે પ્રેક્ષકોને ક્યારેય મૂર્ખ ન સમજો. એ લોકો તમારી ટિકિટના પૈસા આપે છે, એટલે એમને પૂરો ન્યાય આપવો એ આપણી ફરજ છે.

**તમારા ચાહકોને શું કહેશો?**

બસ એટલું જ કહીશ કે હસતા રહો! દુનિયામાં ટેન્શન તો ઓછું થવાનું નથી, પણ જો તમે હસશો તો એ ટેન્શનને પણ કંટાળો આવશે કે આ માણસ તો સુધરવાનો નથી અને હા, નાટક જોવા આવતા રહેજો, કારણ કે આર્ટિસ્ટ તમારા પ્રેમનો ભૂખ્યો હોય છે (અને થોડો ટિકિટના પૈસાનો પણ!)

**ખૂબ ખૂબ આભાર સંજયભાઈ, તમારી સાથે વાત કરીને જ અડધું ટેન્શન ગાયબ થઈ ગયું!**

અરે, બાકીનું અડધું ટેન્શન મારું આગલું નાટક જોઈ લેજો એટલે જતું રહેશે! આવજો! ●

શો બાજ



**અરે ભાઈ, થાક તો એને લાગે જે 'કામ' કરતો હોય! હું તો સ્ટેજ પર જઈને જલસા કરું છું અને રહી વાત હસાવવાની, તો ગુજરાતીઓને હસાવવા એ દુનિયાનું સૌથી અઘરું કામ છે. તમે ગમે તેટલો જોક મારો, ગુજરાતી સામે બેસીને વિચારશે આમાં હસવા જેવું શું હતું?**




# નવા શોમાં જૂના કન્ટેસ્ટન્ટ!

**ખતરોં કે ખિલાડીની 15મી સિઝનને લઈને ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. આ વખતે રોહિત શેટ્ટીનાં શોમાં ઘણાં ચેન્જિસ જોવા મળી શકે છે. શોનાં કન્ટેસ્ટેન્ટ્સને લઈને અત્યાર સુધીમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ લાગે છે કે આ વખતે મેકર્સ અનેક જૂનાં કન્ટેસ્ટન્ટ્સને બીજીવાર દાવ પર લગાવી શકે છે**

ઘણા સયમથી જે શોની રાહ જોવાતી હતી તે શો આવી રહ્યો છે. રોહિત શેટ્ટી તેનાં પોપ્યુલર શો 'ખતરોં કે ખિલાડી 15'થી પાછો ફરી રહ્યો છે. આ રિયાલિટી શોને લઈને જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે. જો કે આ શોનાં કન્ટેસ્ટન્ટને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે.

ખતરોં કે ખિલાડીની 15મી સિઝનને લઈને ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. આ વખતે રોહિત શેટ્ટીનાં શોમાં ઘણાં ચેન્જિસ જોવા મળી શકે છે. શોનાં કન્ટેસ્ટેન્ટ્સને લઈને અત્યાર સુધીમાં કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી, પરંતુ લાગે છે કે આ વખતે મેકર્સ અનેક જૂનાં કન્ટેસ્ટન્ટ્સને બીજીવાર દાવ પર લગાવી શકે છે.

ટીવીનાં કેટલાક ફેમસ એક્ટરોએ K આલ્ફાબેટ સાથે ફોટો શેર કર્યો છે. તેમણે ભલે સ્પષ્ટ ન કર્યું હોય કે ખતરોં કે ખિલાડીમાં આવે છે કે નહીં, પરંતુ તેમનાં કેપ્શાને દર્શકોને એક મોટી હિન્ટ આપી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ સિઝનમાં સાત જૂનાં કન્ટેસ્ટેન્ટ્સ જોવા મળશે. અલી ગોનીએ ફોટો શેર કરીને હિન્ટ આપી છે કે આ સમયે મોટા ચેન્જિસ થવાનાં છે. આ લોકોએ તેમની ઈન્સ્ટા સ્ટોરી પર આ વસ્તુ પોસ્ટ કરીને ધુરંધરનું સોન્ગ પણ મૂક્યું છે.

અલી ગોની આ શોમાં બે વાર આવી ચૂક્યો છે. અલી ગોની સિઝન 9 અને ખતરોં કે ખિલાડી મેડ ઈન ઈન્ડિયામાં જોવા મળ્યો હતો. હિના ખાને પણ આ રીતનો ફોટો શેર કર્યો છે. હિના ખાન પણ બે વાર આ શોનો હિસ્સો રહી ચૂકી છે. સિઝન 8 અને સિઝન 13માં જોવા મળી હતી. કરણ વાહી પણ આ શોનો હિસ્સો રહી ચૂક્યો છે. કરણ વાહી સિઝન 8 અને ખતરોં કે ખિલાડી મેડ ઈન ઈન્ડિયામાં જોવા મળ્યો હતો. આમ, જો આ એક્ટર 15મી સિઝનનો હિસ્સો હશે તો ફરી એકવાર સ્ટંટ કરતો જોવા મળશે. નિયા શર્માનું નામ પણ આ લિસ્ટમાં શામેલ છે. નિયા તેની બોલ્ડ અદાઓથી દર્શકોને ઘાયલ કરી દે છે. કોમેડિયન ભારતી સિંહ પણ આ રિયાલિટી શોમાં પરફોર્મ કરતી જોવા મળી. ભારતી સિંહ તેનાં ઈન્ટરવ્યૂમાં કહી ચૂકી છે કે વધારે વજનને કારણે શરૂઆતમાં સારું ફીલ નહોતી કરતી, પરંતુ પછી નિર્ણય કર્યો કે હું ખતરોં કે ખિલાડીનો હિસ્સો બનીશ.

સ્મોલ સ્ક્રિન

રુબીના દિલૈક પણ ખતરોં કે ખિલાડીનાં હિસ્સો બની ચૂકી છે. રુબીના 12મી સિઝનનો હિસ્સો બની હતી.

જો કે ફરી સ્ક્રીન પર જોવા મળી શકે છે. ફરહાના ભટ્ટને બિગ બોસથી ઓળખ મળી હતી. ફરહાનાને બિગ બોસમાં ખૂબ પોપ્યુલારિટી મળી હતી. ફરહાના પહેલીવાર રોહિત શેટ્ટીનાં શોમાં જોવા મળશે. શો આવી તો રહ્યો છે ચર્ચા થાય છે કે શું નવા કન્ટેસ્ટન્ટ્સ કેમ નથી લેવામાં આવ્યા? ●


# 'ગ્લોરી': મેદાન રિંગનું પણ લડાઈ જીંદગીની!

શું તમે વિકેન્ડ પ્લાન કરી રહ્યા છો? જો હા, તો તમારો પોપકોર્નનો ડબ્બો તૈયાર રાખજો, નેટફ્લિક્સ ઇન્ડિયા જ્યારે પણ કોઈ ઓરિજિનલ સિરીઝ લાવે છે, ત્યારે અપેક્ષાઓ આસમાને હોય છે. ૧ મેના રોજ નેટફ્લિક્સ પર એક ધમાકેદાર સિરીઝ દસ્તક દઈ રહી છે 'ગ્લોરી'.

૧૦ એપિસોડની આ સિરીઝમાં લોહી, પરસેવો અને આંસુનો અદભૂત સંગમ જોવા મળશે.

આ સીરીઝની સૌથી મોટી તાકાત તેના કલાકારોની પસંદગી છે. દરેક પાત્રને ગ્રે-શેડ (વધારે પડતા સારા પણ નહીં અને સાવ ખરાબ પણ નહીં) આપવામાં આવ્યા છે.

'ગ્લોરી'ની સ્ટોરી હરિયાણાના એક નાના શહેરની આસપાસ ફરે છે, જે 'બોક્સિંગ હબ' તરીકે ઓળખાય છે. અહીં રિંગમાં માત્ર મુક્કાબાજી નથી થતી, પણ રાજકારણ અને ક્રાઈમની રમત પણ રમાય છે. સ્ટોરી બે ભાઈઓની છે- (પુલ્કિત સમ્રાટ અને દિવ્યેન્દુ શર્મા), જેમના સંબંધો વર્ષોથી વણસેલા છે. પરંતુ, જ્યારે એક રહસ્યમય મર્ડર થાય છે, ત્યારે આ બંને ભાઈઓએ સાથે મળીને સચ્ચાઈ શોધવી પડે છે.



'આર્યન શેખાવત' (પુલ્કિત સમ્રાટ) અહીં એક એવા બોક્સરના રોલમાં છે જે ક્યારેક દેશનું ગૌરવ હતો, પણ એક વિવાદિત મેચ ફિક્સિંગના આરોપમાં તેનું કરિયર બરબાદ થઈ ગયું. આર્યન ગુસ્સાવાળો, આક્રમક અને અંદરથી તૂટેલો છે. તે રિંગમાં પાછા ફરવા નહીં, પણ પોતાનું ખોવાયેલું સન્માન પાછું મેળવવા માંગે છે.

'મિર્ઝાપુર'ના મુન્ના ભૈયા એટલે કે 'દિવ્યેન્દુ' ફરી એકવાર કંઈક અલગ અંદાજમાં જોવા મળશે. આ રોલ માટે તેણે જબરદસ્ત બોડી ટ્રાન્સફોર્મેશન કર્યું છે. 'સત્યા શેખાવત' (દિવ્યેન્દુ શર્મા) આર્યનનો મોટો ભાઈ સત્યા, જે રિંગમાં નહીં પણ રાજકારણની રમત રમે છે. સત્યા એક સ્થાનિક બાહુબલી છે જે સત્તાના જોરે પોતાના ભાઈના ગુનાઓને છુપાવે છે, પણ અંદરખાને તે પોતે જ એક એવા ષડયંત્રનો હિસ્સો છે જે આર્યનની બરબાદીનું કારણ હતું. દિવ્યેન્દુનો આ અંદાજ 'મુન્ના ભૈયા' કરતાં ઘણો શાંત પણ વધુ ઘાતક છે.

**'મિર્ઝાપુર'ના મુન્ના ભૈયા એટલે કે 'દિવ્યેન્દુ' ફરી એકવાર કંઈક અલગ અંદાજમાં જોવા મળશે. આ રોલ માટે તેણે જબરદસ્ત બોડી ટ્રાન્સફોર્મેશન કર્યું છે**

'ગુરુજી' ઉર્ફે બલદેવ સિંહ (સુવિન્દર વિકી) બંને ભાઈઓના પિતા અને એક કડક શિસ્તબદ્ધ કોચ છે. તેમના માટે રમત ધર્મ છે અને અન્યાય પાપ. પુત્ર પ્રત્યેનો પ્રેમ અને રમત પ્રત્યેની વફાદારી વચ્ચે ઝૂલતું આ પાત્ર સીરીઝની કરોડરજ્જુ છે. સુવિન્દર વિકીએ આ રોલમાં જીવ રેડી દીધો છે.

ઈશા સિંઘલ (સયાની ગુપ્તા) સિરીઝનો વળાંક ઈશાની એન્ટ્રી સાથે આવે છે. તે એક નીડર પત્રકાર છે જે વર્ષો જૂના સ્પોર્ટ્સ સ્કેન્ડલને ખોદવા નીકળે છે. તે જ આ બંને ભાઈઓના જીવનમાં ભૂકંપ લાવે છે.

અપકમિંગ

'ઠાકુર ગજેન્દ્ર સિંહ' (આશુતોષ રાણા) કોઈપણ થ્રિલર એક શક્તિશાળી વિલન વગર અધૂરું છે. આશુતોષ રાણા અહીં એક બિઝનેસ ટાયકૂન અને અન્ડરગ્રાઉન્ડ સટ્ટાબાજીના કિંગપિન તરીકે જોવા મળશે.

તેમની વાત કરવાની ઢબ અને શાંત ક્રૂરતા તમને ડરાવી દેશે.

સિરીઝના ડિરેક્ટર કરણ અંશુમન (મિર્ઝાપુર ફેમ) અને કનિષ્ક વર્માએ એક્શન સીન્સ પર ભારે મહેનત કરી છે. બોક્સિંગ રિંગના સીન્સ એટલા રિયલ લાગે છે કે તમને પણ મુક્કાનો અનુભવ થશે!

દરેક એપિસોડના અંતે એક એવો ટ્વિસ્ટ આવશે કે તમે 'નેક્સ્ટ એપિસોડ' બટન દબાવ્યા વગર રહી શકશો નહીં. આ માત્ર મુક્કાબાજી નથી, પણ એક માઈન્ડ ગેમ છે.

એક્શનની વચ્ચે અહીં ઈમોશન્સ પણ ભરપૂર છે.

જૂની યાદો, ભૂલો અને માફીની આ સફર પ્રેક્ષકોના દિલને સ્પર્શી જશે.

જો તમે 'મિર્ઝાપુર' કે 'સેક્રેડ ગેમ્સ' જેવી ડાર્ક અને ગ્રીટી સિરીઝના શોખીન હોવ, તો ૧ મેના રોજ નેટફ્લિક્સ પર 'ગ્લોરી' જોવાનું ચૂકતા નહીં. આ સિરીઝમાં પાવર છે, પેઈન છે અને સૌથી મહત્વનું 'ગ્લોરી' (ગૌરવ) મેળવવાની જંગ છે.

શું આ મર્ડર પાછળ કોઈ સ્પોર્ટ્સ માફિયા છે? કે પછી ઘરના જ કોઈ સભ્યનું આ કાવતરું છે? આ જાણવા માટે તમારે સિરીઝ જોવી જ પડશે. તો તૈયાર છો ને? આ મે મહિનાની ગરમીમાં, નેટફ્લિક્સ પર એક્શનનો પારો વધવા જઈ રહ્યો છે!

સિરીઝ જોતી વખતે ધ્યાન રાખજો, ક્યાંક રહસ્યોના પંચ તમને ઈમોશનલી નોક-આઉટ ન કરી દે! ●